# BUSINESS મિત્ર

### ટેરિફથી બાકાત રહેલા ફાર્મા શેરોમાં ચમકારોઃ બ્રોડર માર્કેટ આઉટપર્ફોર્મઃ સેન્સેક્સ-નિફ્ટીમાં ઘટાડો નોંધાયો

# ટ્રમ્પના ટેરિફથી આઇટી-ઓટો શેરો ગગડયા, સેન્સેક્સ 322.08 પોઇન્ટ ઘટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 3:** અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના ટેરિફની જાહેરાત બાદ ભારતીય શેરબજારમાં આઇટી સેકટર દબાણમાં જોવા મળ્યું હતું, જેની સામે ફાર્માસ્યુટીકલ્સને બાકાત રાખવાના નિર્ણયથી ફાર્મા શેરો ચમક્યા હતા. આજે ફાર્મા ઈન્ડેકસમાં 3 ટકાથી વધુનો ઉછાળો જોવાયો હતો. જોકે, આઈટી સેકટરે આગેવાની લીધી હતી અને હેવીવેઈટ ટીસીએસ, ઈન્ફોસીસ, એચસીએલ ટેકનો સહિતના શેરોમાં કડાકો બોલાતા આઈટી ઈન્ડેક્સ ચાર ટકાથી વધુ તૂટયો હતો. ટ્રમ્પના 26 ટકાના પારસ્પરિક ટેરિફની જાહેરાતથી રાસાયણીક સેકટરને પણ અસર થઇ હતી. આ પગલાથી ભારતીય નિકાસમાં ઘટાડો થવાની સાથે નફાના માર્જિન ઘટશે તેવી ભીતિ સેવાઇ રહી છે. હાલમાં આ ક્ષેત્રમાં 3.5 ટકાની આયાત ડયુટી ચુકવાતી હતી. આ ઉંચા ટેરિફના કારણે રાસાયણિક ઉત્પાદકોને મોટો ફટકો પડી શકે છે.

બીજી તરફ, ફાર્માની સાથે ટેક્સટાઇલ સેકટરમાં પણ આઉટપર્ફોર્મ જોવા મળ્યું હતું. ભારતીય ટેક્સટાઇલ અને એપરલ ક્ષેત્ર યુએસમાં નિકાસ થાય છે. જોકે, ટેરિફના તાજેતરના રાઉન્ડથી નિકાસને એશિયન સમકક્ષોની તુલનામાં વધુ સ્પર્ધાત્મક બનાવવામાં મદદ મળી શકે છે.

નિષ્ણાતોનું માનવું છે કે, ટેરિફનો પડકાર ભારત સફળતાપુર્વક પાર પાડશે અને તેના એશિયન દેશો પરની અસરનો લાભ પણ મેળવી શકે છે. વૈશ્વિક વેપારમાં ભારતની સ્થિતિ મજબૂત છે અને અન્ય એશિયન દેશો પર લાદવામાં આવેલા કઠોર ટેરિફનો લાભ ભારતને મળી શકે છે.

ટ્રમ્પના ટેરિફની અસર આઇટી, ઓટો અને ઓઇલ એન્ડ ગેસ શેરોમાં જોવા મળી હતી, જ્યારે ફાર્મા, પીએસયુ બેન્ક અને કન્ઝયુમર ડયુરેબલ શેરોમાં તેજી જોવા મળી હતી. આમ, ટ્રમ્પના ટેરિફની ભારતીય શેરબજારમાં મિશ્ર અસર રહી હતી. બ્રોડર માર્કેટ અને બેન્ક શેરો આઉટપર્ફોર્મ કરતા જોવા મળ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 322.08 પોઇન્ટ એટલે કે 0.42 ટકા ઘટીને 76295.36 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76493 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76000 પોઇન્ટની સપાટી તોડીને 75807 પોઇન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 82.25 પોઇન્ટ એટલે કે 0.35 ટકા ઘટીને 23250.10 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23306 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23145 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી પોઝિટિવ રહી હતી. આજે બેન્ક નિફ્ટી 249.30 પોઇન્ટ એટલે કે 0.49 ટકા વધીને 51597.35 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે ઓરોબિન્દો ફાર્મામાં 8.81 ગણા, કેપીઆર મીલ્સમાં 5.95 ગણા, ગ્લાન્ડ ફાર્મામાં 5.93 ગણા, સીપલામાં 3.96 ગણા અને લ્યુપીનમાં 3.67 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે વર્ધમાન ટેક્સટાઇલ્સમાં 56.99 ગણા, ટ્રાઇડન્ટમાં 8.07 ગણા, કેપીઆર મીલ્સમાં 7.75 ગમા, ઓરોબીન્દો ફાર્મામાં 6.81 ગણા અને જ્યુબીલન્ટ ફાર્મોવામાં 5.61 ગણા કામકાજ નોંધાયા છે. બોર્ડર માર્કેટમાં સુધારાની ચાલ રહી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.31 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.76 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઇ ખાતે 2808 શેરો વધ્યા હતા, જ્યારે 1176 શેરો ઘટયા હતા, તથા 139 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી આઇટી ઈન્ડેક્સ 4.21 ટકા ઘટયો હતો. જેમાં પરસીસ્ટન્ટ સીસ્ટમ, કોફોર્જ, ટીસીએસ, ટેક મહિન્દ્રા, ઈન્ફોસીસ, એચસીએલ ટેકનો, એલટીઆઇ માઇન્ડટ્રી અને ઓરેકલનો સમાવેશ થાય છે.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફયુચર 1175 પોઇન્ટનો કડાકો બોલાયો હતો, જેથી આજે અમેરિકન બજારો નબળા ખુલવાના સંકેત આપી રહ્યા છે. ટ્રમ્પના ટેરિફની સૌથી વધુ અસર અમેરિકન બજારો ઉપર પડવાના સંકેત છે. ટ્રમ્પે તમામ આયાતી ચીજવસ્તુઓ પર 10 ટકા ટેરિફની જાહેરાત કરી છે. ટ્રમ્પે 180થી વધુ દેશો અને પ્રદેશો ઉપર ભારે પારસ્પરિક ટેરિફ લાદ્યા પછી યુરોપિયન બજારો અને એશિયન બજારો નબળા રહ્યા હતા. ટ્રમ્પે દાવો કર્યો હતો કે, આ ટેરિફથી અમેરિકન ઉદ્યોગોને પુનર્જીવિત કરશે અને રાષ્ટ્રીય દેવું ઘટાડશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 1.48 ટકા, કેક 2.69 ટકા અને ડેક્સ 2.39 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.85 ટકા, સ્ટ્રેઇટસ 0.30 ટકા, હેંગસેંગ 1.54 ટકા, કોસ્પી 0.77 ટકા, અને શાંઘાઇ 0.24 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં રીકવરી, 7 પૈસા સુધર્યો

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પારસ્પરિક ટેરિફની જાહેરાત બાદ ડોલરમાં વધઘટે નરમાઇ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 7 પૈસા ઘટીને 85.44ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 85.51ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 94.92, પાઉન્ડ 112.40, કેનેડિયન ડોલર 60.58, ઓસ્ટ્રેલિયન ડોલર 53.82, જાપાનીઝ યેન 0.5829 અને સીંગાપોર ડોલર 63.75ના સ્તરે બંધ રહ્યો હતો.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -322.08 | 76295.36 |
| નિફ્ટી | -82.25 | 23250.10 |
| બેન્ક નિફ્ટી | 249.30 | 51597.35 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 4.31 | 299.10 |
| સન ફાર્મા | 3.29 | 1770.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 3.16 | 11606.60 |
| સીપલા | 2.98 | 1495.70 |
| શ્રીરામ ફાઇનાન્સ | 2.31 | 654.15 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 3.97 | 3403.15 |
| ટેક મહિન્દ્રા | 3.77 | 1369.35 |
| એચસીએલ ટેકનો | 3.76 | 1470.10 |
| ઇન્ફોસીસ | 3.46 | 1496.50 |
| ઓએનજીસી | 2.92 | 243.31 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 4.34 | 299.15 |
| સન ફાર્મા | 3.26 | 1770.10 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 2.92 | 11583.65 |
| એનટીપીસી | 1.97 | 358.85 |
| એશિયન પેઇન્ટસ | 1.82 | 2348.70 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 3.98 | 3403.90 |
| ટેક મહિન્દ્રા | 3.79 | 1369.65 |
| એચસીએલ ટેકનો | 3.71 | 1470.80 |
| ઇન્ફોસીસ | 3.41 | 1497.00 |
| ટાટા મોટર્સ | 2.64 | 654.05 |

# ટેરિફથી ભારતીય નિકાસ પ્રભાવિત થશે, પણ અન્ય દેશો કરતા ભારતની સ્થિતિ સારી

**અન્ય** દેશો પરના ટેરિફની સરખામણીએ ભારતને નીચા દરના બ્રેકેટમાં રાખવામાં આવ્યું છેઃ એફઆઇઇઓ

નવી દિલ્હી, તા. 3: અમેરિકા દ્વારા લાદવામાં આવેલા 26 ટકા ટેરિફ અંગે એફઆઇઇઓએ જણાવ્યું હતું કે, વિયેતનામ, ચીન, ઇન્ડોનેશિયા, મ્યાનમાર જેવા મોટા હરીફો કરતાં ભારત વધુ સારી સ્થિતિમાં છે. અમે ચોક્કસપણે આ ટેરિફથી પ્રભાવિત થઈશું, પરંતુ અમે અન્ય ઘણા દેશો કરતા વધુ સારી સ્થિતિમાં છીએ.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી 26 ટકા આયાત ડ્યુટી નિ:શંકપણે ભારતના સ્થાનિક ખેલાડીઓને અસર કરશે. જો કે ભારતની સ્થિતિ અન્ય દેશો કરતા સારી છે. ફેડરેશન ઓફ ઇન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઇઝેશન્સના ડાયરેક્ટર જનરલ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અજય સહાયે જણાવ્યું હતું.

તેમણે એવી આશા વ્યક્ત કરી હતી કે ભારત અને અમેરિકા વચ્ચે સૂચિત દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે, જે આ પારસ્પરિક ટેરિફની અસરને ઘટાડશે. પીટીઆઈ સાથે વાત કરતા તેમણે કહ્યું કે, આપણે તેની અસરનું મૂલ્યાંકન કરવું પડશે. પરંતુ અન્ય દેશો પર લાદવામાં આવેલા ટેરિફ પર નજર કરીએ તો ભારતને નીચા દરના બ્રેકેટમાં રાખવામાં આવ્યું છે. આપણે વિયેતનામ, ચીન, ઇન્ડોનેશિયા, મ્યાનમાર જેવા મુખ્ય પ્રતિસ્પર્ધી દેશો કરતાં વધુ સારા છીએ. અમે ચોક્કસપણે આ ટેરિફથી પ્રભાવિત થઈશું, પરંતુ અમે અન્ય ઘણા દેશો કરતા વધુ સારી સ્થિતિમાં છીએ.

અમેરિકી રાષ્ટ્રપતિએ આ ટેરિફ એટલા માટે લાદ્યો છે કારણ કે તેમનું કહેવું છે કે ભારત અમેરિકન પ્રોડક્ટ્સ પર વધારે ટેરિફ લગાવે છે. ભારત અમેરિકાથી ઉદ્ભવતા ઉત્પાદનો પર 56 ટકા ટેરિફ લાદે છે, જેમાં ચલણની હેરાફેરી અને વેપાર અવરોધોનો પણ સમાવેશ થાય છે, એમ તેમણે આ નિર્ણય દર્શાવતો ચાર્ટ દર્શાવતા જણાવ્યું હતું. અમેરિકાએ ભારત પર 26 ટકા રાહત દરે જવાબી ટેરિફ લાદવાનો નિર્ણય લીધો છે. ચાર્ટમાં યુરોપિયન યુનિયન, ભારત, ચીન અને યુકે જેવા દેશો દ્વારા લાદવામાં આવેલા ટેરિફ અને હવે આ દેશો પર લાદવામાં આવેલા પારસ્પરિક ટેરિફ દર્શાવવામાં આવ્યા હતા.

ભારત ખૂબ જ મુશ્કેલ દેશ છે, ખૂબ જ મુશ્કેલ છે. વડા પ્રધાન (નરેન્દ્ર મોદી) હમણાં જ અહીંથી રવાના થયા છે. તે મારો સારો મિત્ર છે, પણ મેં તેને કહ્યું, "તું મારો મિત્ર છે, પણ તું અમને બરાબર સમજી શકતો નથી. તેઓ અમારી પાસેથી 52 ટકા ટેરિફ લે છે. નાણાકીય વર્ષ 2021-22થી 2023-24 સુધી અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ રહ્યો હતો. ભારતની કુલ નિકાસમાં અમેરિકાનો હિસ્સો 18 ટકા એટલે કે આયાતનો 6.22 ટકા અને દ્વિપક્ષીય વેપારનો 10.73 ટકા છે.

એ જાણવું જરૂરી છે કે 2023-24માં અમેરિકા સાથે ભારતનો વેપાર સરપ્લસ 35.32 અબજ ડોલર નિકાસ અને આયાત વચ્ચેનો તફાવત હતો.

### 2024માં ભારતમાંથી અમેરિકામાં નિકાસ થયેલી ચીજવસ્તુઓ

| | |
|---|---|
| દવાઓ અને જનરિક ઉત્પાદનો | 8.1 અબજ ડોલર |
| ટેલિકોમ ઉપકરણ | 6.5 અબજ ડોલર |
| હીરા-કિંમતી પથ્થરો | 5.3 અબજ ડોલર |
| પેટ્રોલિયમ ઉત્પાદનો | 4.1 અબજ ડોલર |
| સોના- મોંઘા ઝવેરાત | 3.2 અબજ ડોલર |
| રેડીમેડ કપડા | 2.8 અબજ ડોલર |

### 2024માં અમેરિકાથી ભારતમાં આયાત ચીજવસ્તુઓ

| | |
|---|---|
| ક્રુડ ઓઇલ | 4.5 અબજ ડોલર |
| પેટ્રોલિયમ ઉત્પાદનો | 3.6 અબજ ડોલર |
| કોલસો | 3.4 અબજ ડોલર |
| પોલીશ્ડ હીરા | 2.6 અબજ ડોલર |
| ઉર્જા મશીનરી | 1.4 અબજ ડોલર |
| વિમાન, અંતરિક્ષ યાન અને સ્પેરપાર્ટસ | 1.4 અબજ ડોલર |
| સોનુ | 1.3 અબજ ડોલર |

# ટેરિફના લીધે અમેરિકન કંપનીઓ આઇટી બજેટમાં કાપ મુકશે તો આઇટી કંપનીઓની કમાણીને અસર કરશે

**ટ્રમ્પના** ટેરિફની જાહેરાત બાદ ભારતીય આઇટી શેરોમાં ગાબડાં પડ્યા

નવી દિલ્હી, તા. 3: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પારસ્પરિક ટેરિફ લાગુ થયા બાદ તેની અસર ભારત સહિત દુનિયાભરના શેર બજારમાં જોવા મળી રહી છે. અમેરિકી રાષ્ટ્રપતિ પ્રશાસને ભારતીય સામાનની આયાત પર 26 ટકા ડ્યૂટી લગાવી છે, જે બાદ આજના કારોબારમાં આઈટી ઈન્ડસ્ટ્રીઝના શેર પર દબાણ છે. વાસ્તવમાં ભારતીય આઈટી કંપનીઓની કમાણીનો નોંધપાત્ર હિસ્સો અમેરિકન માર્કેટ પર નિર્ભર કરે છે, જેના કારણે આ શેરોમાં વેચવાલીનું આજે પ્રભુત્વ છે.

ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફની સીધી અસર આઈટી સેક્ટર પર નહીં પડે, પરંતુ યુએસ માર્કેટમાં આઈટી ગુડ્સના ભાવમાં વધારો થશે, જેના કારણે વપરાશ ઘટશે, તેથી ભારતીય કંપનીઓની કમાણી પર અસર પડશે. જો ફુગાવો વધશે તો અમેરિકાની કંપનીઓ તેમની ટેકનોલોજી અને આઈટી બજેટમાં કાપ સહિત ખર્ચમાં કાપ મૂકી શકે છે. ઉલ્લેખનીય છે કે, કોરોના મહામારી બાદ હજુ પણ સંઘર્ષ કરી રહેલી વૈશ્વિક અર્થવ્યવસ્થા અમેરિકાના ટેરિફની જાહેરાત, રેકોર્ડ હાઈ ડેટ લેબલ્સ અને ચાલી રહેલા જિયોપોલિટિકલ ટેન્શનના કારણે હજુ પણ નબળી રહી શકે છે.

આજના કારોબારમાં પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સના શેરમાં 7.4 ટકાનો ભારે ઘટાડો નોંધાયો હતો, જે બાદ તે ઈન્ટ્રા-ડે નીચલા સ્તરે રૂ.4921ની સપાટીએ પહોંચ્યો હતો. ત્યારબાદ એમ્ફેસિસના શેર 4.2 ટકા ઘટીને 2,369.15 રૂપિયા પર આવી ગયા. આ સમયગાળા દરમિયાન વિપ્રો, એલટીઆઈમિન્ડટ્રી, ઈન્ફોસિસ, કોફોર્જ અને એચસીએલ ટેક્નોલોજીસના શેરમાં 3થી 3.5 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત ટેક મહિન્દ્રાના શેરમાં 2.4 ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે ઓરિકલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સોફ્ટવેરના શેરમાં 2.2 ટકાનો ઘટાડો નોંધાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, 2 એપ્રિલે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પના પ્રશાસને ભારત, ચીન સહિત દુનિયાના તમામ વેપારી દેશો પર પારસ્પરિક ટેરિફ દરોની જાહેરાત કરી હતી, જે તાત્કાલિક પ્રભાવથી લાગુ થઈ ગયા છે. તેમાં ભારતીય સામાનની આયાત પર 26 ટકા ડ્યૂટી લગાવવામાં આવી છે, જ્યારે ચીન પર 34 ટકા ટેરિફ લગાવવામાં આવ્યો છે. સાથે જ આ દર કેટલાક અન્ય દેશોમાં 46 ટકા સુધી લાગુ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને તમામ આયાત પર 10 ટકા સ્ટાન્ડર્ડ ટેરિફ લગાવ્યો છે. યુએસ સરકારે દાવો કર્યો હતો કે આ પગલું અયોગ્ય વેપાર પ્રથાઓને સુધારવાનું છે.

# ગત સપ્તાહમાં મ્યુચ્યુઅલ ફંડે 16 હજાર કરોડ રૂપિયાના શેર વેચ્યા

**મ્યુચ્યુઅલ** ફંડસનું કેશ હોલ્ડીંગ્સ દોઢ લાખ કરોડ રૂપિયા

મુંબઇ, તા. 3: ગત સપ્તાહમાં મ્યુચ્યુઅલ ફંડસ સતત છ દિવસ સુધી શેરબજારમાં વેચાણ કરતા જોવા મળ્યા હતા. શેરબજારમાં આવેલી તેજીનો લાભ ઉઠાવીને મ્યુચ્યુઅલ ફંડોએ નફો બુક કર્યો હતો. 20થી 28 માર્ચ વચ્ચે મ્યુચ્યુઅલ ફંડોએ રૂ. 16000 કરોડથી વધુના શેર વેચી દીધા છે. વિશ્લેષકોનું કહેવું છે કે, આ નફાવસુલીના સંકેત છે. માર્ચમાં સેન્સેક્સ અને નિફ્ટી 6 ટકા સુધી વધ્યા હતા. જોકે, તેનાથી વિપરીત તેઓ મહિનાની શરૂઆતમાં ચોખ્ખા ખરીદદાર હતા. 1થી 19 માર્ચ સુધીમાં તેઓએ રૂ. 22900 કરોડના શેર ખરીદ્યા હતા. માર્ચ મહિનામાં સેન્સેકસ અને નિફ્ટીમાં ક્રમશઃ 5.8 ટકા અને 6.3 ટકાનો વધારો દર્જ કરવામાં આવ્યો હતો, તે જ સમયે બીએસઇના મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં 7.6 ટકા અને 8.3 ટકાનો વધારો જોવા મળ્યો હતો. જેનો લાભ મ્યુચ્યુઅલ ફંડોએ લીધો હતો. બીજી તરફ, એફઆઇઆઇની પણ ખરીદી રહેતા સ્થાનિક ફંડોની વેચવાલી રહી હતી. મ્યુચ્યુઅલ ફંડોએ એવા સમયે વેચાણ કર્યુ છે કે જ્યારે તેમની પાસે પહેલાથી જ ઘણી બધી રોકડ પડેલી છે. એક્ટિવ ફંડમાં મ્યુચ્યુઅલ ફંડની કેશ હોલ્ડીંગ જાન્યુઆરીમાં 1.42 લાખ કરોડથી વધીને ફેબ્રુઆરી, 2025માં 1.46 લાખ કરોડની થઇ ગઇ છે. જે હાલમાં દોઢ લાખ કરોડની આસપાસ છે. આ રોકડ હોલ્ડીગથી એવું ફલિત થાય છે કે, ફંડ મેનેજર્સ હજુય પણ શેરબજારના મુલ્યાંકન અંગે સાવધ છે. બજારની ચાલને લઇને અનિશ્ચિતતા અનુભવી રહ્યા છે. સેન્સેકસ અને નિફ્ટી પોતાના શિખરોથી 12 ટકા નીચે છે, છતાં ફંડસ નવી ખરીદીથી દૂર રહેવાનો પ્રયાસ કરી રહ્યા છે.

જેઓ વૈશ્વિક અર્થતંત્રોની સ્થિત, ભૌગોલિક રાજકીય તણાવ અંગે વધુ સ્પષ્ટતા જોઇ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, 2025ની શરૂઆતથી અત્યાર સુધીમાં મ્યુચ્યુઅલ ફંડોએ ભારતીય શેરબજારમાં રૂ. 1.08 લાખ કરોડનું રોકાણ કર્યુ છે, તે પહેલા 2024માં તેમણે રૂ. 4.3 લાખ કરોડના શેર ખરીદ્યા હતા.

# ઈપીએફઓએ દાવાની પ્રક્રિયા સરળ બનાવી

નવી દિલ્હી, તા. ૩ (પીટીઆઈ): નિવૃત્તિ ભંડોળ સંસ્થા ઈપીએફઓએ ગુરુવારે જણાવ્યું હતું કે પ્રોવિડન્ટ ફંડમાંથી ઓનલાઇન ઉપાડ માંગતા અરજદારોએ રદ કરાયેલ ચેકની તસવીર અપલોડ કરવાની જરૂર નથી અને તેમના બેંક ખાતાઓ નોકરીદાતાઓ દ્વારા ચકાસવાની જરૂર નથી. આ પગલાથી લગભગ આઠ કરોડ સભ્યો માટે દાવાની પતાવટ પ્રક્રિયા ઝડપી બનશે અને નોકરીદાતાઓ માટે વ્યવસાય કરવામાં સરળતા સુનિશ્ચિત થશે તેવી અપેક્ષા છે. હાલમાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઈપીએફઓ) ના સભ્યોએ પીએફ ખાતામાંથી ભંડોળ ઉપાડવા માટે ઓનલાઇન અરજી કરતી વખતે ચેક લીફની તસવીર અથવા યુએએન (યુનિવર્સલ એકાઉન્ટ નંબર) અથવા પીએફ નંબર સાથે સીડ કરેલા બેંક ખાતાની પાસબુકની પ્રમાણિત ફોટો કોપી અપલોડ કરવાની જરૂર છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂ. | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | ૬૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૯૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૦૦ | વનસ્પતિ ઘી | ૨૫૪૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૩૨૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૮૦ | તલતેલ | ૫૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૮૦ | દિવેલ | ૨૪૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૪૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૮૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૪૦૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૯૨૪૦૦ |
| તેજાબી સોનું | ૯૨૩૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૮૭૭૮૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૯૦૫૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૯૨૪૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૯૭૦૦૦ |
| ચાંદી સિક્કા | ૯૮૫૦૦૦ |

# બીએસએનએલને 5જી સ્પેક્ટ્રમની ફાળવણીથી તેજસ નેટવર્કમાં 9 ટકાનો ઉછાળો

મુંબઇ, તા. 3: ટાટા ગ્રુપની તેજસ નેટવર્કના શેરમાં આજે 9 ટકાનો ઉછાળો જોવાયો હતો. ટ્રમ્પના ટેરિફની જાહેરાતથી બજાર લાલ નિશાનમાં ચાલી રહ્યું હતું, ત્યારે તેજસ નેટવર્કમાં તેજી જોવા મળી હતી. જેનું કારણ બીએસએનએલને ડીઓટી તરફથી રૂ. 61 હજાર કરોડની 5જી સ્પેક્ટ્રમ ફાળવણી મળી છે. તેજસ નેટવર્ક બીએસએનએલને 4જી-5જી આરએન ઉપકરણો અને વિસ્તૃત નેટવર્ક રાઉટર સપ્લાય કરે છે. બીએસએનએલના સ્ટેન્ડએલોન 5જી રોલઆઉટ અને નેટવર્કનો લાભ મેળવવા માટે સારી સ્થિતિમાં છે. એટલા માટે તેજસ નેટવર્કસના શેરમાં ઉછાળો જોવાયો હતો. એક અહેવાલ અનુસાર ડીઓટીએ બીએસએનએલને 700 મેગહટસ અને 3300 મેગાહટસ જેવા પ્રીમિયમ સ્પેક્ટ્રમ બેન્ડની ફાળવણી કરી છે. આનાથી કંપનીને પસંદગીના શહેરોમાં 5જી લોન્ચ કરવામાં મદદ મળશે, જેની શરૂઆત દિલ્હીથી થશે અને પછી દેશભરમાં વિસ્તૃત થશે.તેજસ નેટવર્કની માર્કેટ કેપ રૂ. 15400 કરોડની છે, છેલ્લા છ મહિનામાં 26 ટકા ઘટ્યો છે, જ્યારે એક સપ્તાહમાં પણ 13 ટકા ઉછળ્યો છે. જેની બાવન વીકની ઉંચી સપાટી રૂ. 1495ની છે. જ્યારે નીચામાં રૂ. 647 બોલાયો હતો. કંપનીમાં પ્રમોટર્સનો 54 ટકા હિસ્સો છે.


**બૈંક ઑફ़ बड़ौदा Bank of Baroda**

પુણા શાખા : દુકાન નં.જી-૧૫, ૧૬ અને ૧૭, શુભ પ્લાઝા, ભૈયા નગર, માધવદીપ રેસીડન્સી પાસે, પુણાગામ, સુરત-૩૯૫૦૧૦ Email ID : dbpuna@bankofbaroda.com

**કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)** [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ-૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૦ ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તા.૧૪.૦૩.૨૦૨૩ ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/ ગીરવેદાર શ્રી લાઠીયા કલ્પેશ ગોરધનભાઈ (દેવાદાર) અને શ્રીમતી લાઠીયા પ્રિયંકા કલ્પેશભાઈ (સહ-દેવાદાર)અને શ્રી કલ્પેશભાઈ હરજીભાઈ ચુડાસમા (સહ-દેવાદાર) ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ રૂ।.૮,૪૮,૨૯૫.૧૭/- (રૂપિયા આઠ લાખ અડતાલીસ હજાર બસો પંચ્યાણું અને સત્તર પૈસા પુરા) તેના પર વ્યાજ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તારીખ ૩૦મી માર્ચ ૨૦૨૫ ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે બેંક ઓફ બરોડાની રકમ રૂ।.૮,૪૮,૨૯૫.૧૭/- વત્તા ચાર્જીસ ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

ઈકવીટેબલ મોંગેજ કરેલ મિલકત કે જે 'શીવ વાટીકા ભાગ-૨' નો પ્લોટ નં. ૪૩૮ (કેજેપી પછી નો બ્લોક /પ્લોટ નં.૮૮/૪૩૮) જેનું માપ ૪૮ ચો. વાર એટલે કે ૪૦.૧૩ ચો.મી. (મંજુર થયેલ પ્લાન મુજબ માપ ૪૦.૧૮ ચો.મીટર) જમીનના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિતનું ૨૨.૪૩ ચો.મી રોડ, સીઓપી રેવન્યુ સર્વે નં.૭૦/૨, બ્લોક નં. ૬૬ રેવન્યુ પછી નો બ્લોક નં. ૮૭, ૮૮ મોજે ગામ નનસાડ, સબ ડિસ્ટ્રીકટ કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. જે મિલકતની ચતુર્દિશા : પૂર્વ તરફ : સોસાયટી નો આંતરીક રોડ, પશ્ચિમ તરફ : પ્લોટ નં.૪૧૯, ઉત્તર તરફ : પ્લોટ નં.૪૩૭, દક્ષિણ તરફ : પ્લોટ નં.૪૩૯ આવેલ છે.

તા. ૩૦.૦૩.૨૦૨૫ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પૂણા શાખા, સુરત.



**पंजाब नैशनल बैंक** ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

સર્કલ સસ્ત્ર સેન્ટર : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૯૫૦૦૩ email: cs8323@pnb.co.in Ph - 0261 - 2451873

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી કનુભાઈ અમથાભાઈ રબારી (દેવાદાર)** અને **શ્રીમતી સીતાબેન કનુભાઈ રબારી (સહ દેવાદાર)** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન- પરફોર્મીંગ એસેટ( એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. આ લોનની ચુકવણી માટે **શ્રી સુરજભાઈ અભુભાઈ દેસાઈ (જામીનદાર)**એ જામીનગીરી આપેલ છે.તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિક્યોરિટાઇઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદારો /જામીનદારો ના નામ | સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન | નોટીસની તારીખ | એનપીએ ની તારીખ | બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી કનુભાઈ અમથાભાઈ રબારી (દેવાદાર) | તમામ હક હિત અને સંબંધ ધરાવતી મિલકત કે જે શિવપાર્ક સોસાયટી નો પ્લોટ નં. ૧૭૨, અને બાંધકામ માપ ૧૨* ૩૫, એટલે ૩૯.૦૩ ચો.મીટર, પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા માપ ૨૨.૦૦ ચો.મીટર કુલ માપ ૬૧.૦૩ ચો.મીટર(૧) રેવન્યુ સર્વે નં. ૧૧, બ્લોક નં. ૧૯, માપ ૭૮૯૧ ચો.મી અને (૨) રેવન્યુ સર્વે નં. ૩૫, બ્લોક નં. ૪૨, માપ ૧૪૧૬૪ ચો.મી, ગામ. ગોડાદરા, તા. ચોર્યાસી, જી.સુરત | ૧૯.૦૨.૨૦૨૫ | ૩૦.૦૧.૨૦૨૫ | રૂ. ૧૭,૧૫,૯૧૯.૯૧/- |
| ૨ | શ્રીમતી સીતાબેન કનુભાઈ રબારી (સહ દેવાદાર) | | | | |
| ૩ | શ્રી સુરજભાઈ અભુભાઈ દેસાઈ (જામીનદાર) | | | | |

ઉપરોકત દેવાદાર(રો) અને જામીનદાર ( જે પણ લાગુ હોય) ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિક્યોરિટાઇઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

**તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.**

દેવાદારનુ ધ્યાન દોરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૦૩.૦૪.૨૦૨૫ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક



**Repco Home Finance — રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ**

સુરત શાખાઃ પી. નં. 668 બી એન્ડ સી, વામા હાઉસ, પહેલો માળ, રીવા હાઉસની બાજુમાં, ઉધના દરવાજા, રિંગ રોડ, સુરત - 395 002

**કબજા નોટિસ** (સ્થાવર મિલકત માટે)

જ્યારે રેપ્કો હોમ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરનાર, નાણાકીય સંપત્તિઓના સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 9 સાથે વાંચવામાં આવતી કલમ 13 (12) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે દર્શાવેલ તારીખો પર ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં તેમને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે કહેવામાં આવ્યું હતું. ઋણ લેનારાઓ, સહ-ઋણ લેનારાઓ અને ગેરંટર્સ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ઋણ લેનારાઓ, સહ-ઋણ લેનારાઓ, ગેરંટર્સ અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે 29 માર્ચ 2025ના રોજ ઉપરોક્ત નિયમોના નિયમ 9 સાથે વાંચેલા ઉપરોક્ત કાયદાની કલમ 13(4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતોનો કબજો લીધો છે. ઋણ લેનારાઓ, સહ-ઋણ લેનારાઓ, ગેરંટર્સ અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકતો સાથે વ્યવહાર ન કરે અને મિલકતો સાથેના કોઈપણ વ્યવહાર માટે રેપ્કો હોમ ફાઇનાન્સ લિમિટેડ, સુરત શાખાના ચાર્જને આધીન રહેશે. દરેક ખાતા સામે નીચે દર્શાવેલ રકમ અને તેના પર વ્યાજ.અમે તમારું ધ્યાન સિક્યોરિટાઇઝેશન એક્ટની કલમ ૧૩ (૮) તરફ દોરીએ છીએ, જે મુજબ, જો સિક્યોર્ડ લેણદારના બાકી લેણાં, આ ઉપરાંત સિક્યોર્ડ લેણદાર દ્વારા કરવામાં આવતા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ, સિક્યોર્ડ એસેટના વેચાણ અથવા ટ્રાન્સફર માટે નિર્ધારિત તારીખ પહેલાં કોઈપણ સમયે તમારા દ્વારા જમા કરવામાં આવે તો સિક્યોર્ડ એસેટના ટ્રાન્સફર અથવા વેચાણ માટે કોઈ વધુ પગલાં લેવામાં આવશે નહીં.

ડા.નં.૧: ઉધાર લેનારઃ શ્રી કમલેશ સુધાકર બાગુલ, s/o સુધાકરભાઈ આર. બાગુલ ૩૧૩- પહેલો માળ, રાજદીપ રો હાઉસ, કરડુઆ રોડ, માઇલમમ પાર્ક પાછળ ડિંડોલી, સુરત, ગુજરાત-૩૯૪૨૧૦. આ ઉપરાંત, ગંગા ફેશન PVT, પ્લોટ નં:287, GIDC પાંડેસરા, રેમ્બો ડાઈંગની સામે, ગણેશ નગર પાસે, સુરત- 394210. આ ઉપરાંત, પ્લોટ નં.93, "રાધે રેસીડેન્સી" હલધરુ ગામ, કામરેજ, જીલ્લા સુરત ખાતે સહ-ઋણધારકઃ શ્રીમતી સુજાતા બાગુલ, W/o કમલેશ સુધાકર બાગુલ. 313- પહેલો માળ, રાજદીપ રો હાઉસ, કરાડુઆ રોડ, ડીંડોલી મિલેમમ પાર્ક પાછળ, સુરત, ગુજરાત-394210. આ ઉપરાંત, પ્લોટ નં. 151, "રાધે રેસીડેન્સી" હલધરૂ ગામ, કામરેજ, જિલ્લો સુરત ખાતે. બાંયધરી આપનારઃ શ્રી પ્રશાંત દત્તાત્રય મોરે,S/o. દત્તાત્રય મોરે, નંબર 30, કૈલાશ નગર, વિજય નગર સુમન હાઈસ્કૂલ પાસે, સુરત-394210. આ ઉપરાંત, લોડ પ્લાઝા હોટેલ, જાપાન માર્કેટ નજીક, રિંગ રોડ, સુરત-૩૯૪૨૧૦ ખાતે પણ; ડિમાન્ડ નોટિસ તારીખઃ ૧૧.૧૧.૨૦૨૪; ડિમાન્ડ નોટિસ મુજબ દાવો કરાયેલ રકમ (લોન એકાઉન્ટ નં. ૨૦૧૧૮૭૦૦૦૦૯૭૯) રૂ. ૯,૪૭,૭૩૨/- છે, જેમાં ૦૬.૧૧.૨૦૨૪થી વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચનો સમાવેશ થાય છે; બાકી રકમઃ રૂ. ૯,૫૯,૯૪૫/- છે, જેમાં ૨૮.૦૩.૨૦૨૫થી વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચનો સમાવેશ થાય છે. મિલકતનું વર્ણનઃ પ્લોટ નં.૯૩ (કે.જે.પી. ન્યૂ બ્લોક નં. ૧૬૩/બી/૯૩ પછી) ધરાવતી જમીનનો તે તમામ ટુકડા અને પાર્સલ, લગભગ ૫૨.૫૮ ચોરસ યાર્ડ એટલે કે ૪૩.૯૬ ચોરસ મીટર છે. "રાધે રેસીડેન્સી" ગામ હલધારુ તાલુકા કામરેજ જિલ્લા સુરતના બિન-ખેતી જમીન ધરાવતા મહેસૂલ સર્વે નં. ૧૩૦ એટલે કે બ્લોક નં. ૧૫૧ (સુધારા સર્વે પછી નવો બ્લોક નં. ૧૬૩/બી) પર સ્થિત છે. ઉપરોક્ત પ્લોટ નીચે મુજબ સીમા ધરાવે છેઃ- ઉત્તરઃ સંલગ્ન પ્લોટ નં. ૯૨, દક્ષિણઃ સંલગ્ન પ્લોટ નં. ૯૪, પૂર્વઃ સોસાયટીની સીમા, પશ્ચિમઃ સંલગ્ન સોસાયટીનો આંતરિક રસ્તો.

ડા.નં.2: ઉધાર લેનારાઃ શ્રીમહેન્દ્રભાઈ ત્રિકમભાઈ પીપળીયા, S/o. શ્રી ત્રિકમભાઈ મુલજીભાઈ પીપળીયા પ્લોટ નં-103, M-બિલ્ડીંગ, 4થો માળ, શ્રી રાધિકા રેસીડેન્સી સ્ટાર ગાર્ડન, છાપરાભાઠા રોડ, સુરત-3950004, આ ઉપરાંત મુકેશ ડાયમંડ, સિટી સેક. નં. 4639થી 4641, મોહન વાડી, ફાયર સ્ટેશનની સામે, B/S ધોળકિયા ગાર્ડન, કતારગામ, સુરત -395004. આ ઉપરાંત, નં.M-103, પહેલો માળ, સ્ટાર ગાર્ડન છાપરાભાઠા રોડ, વરિયાવગામ, સુરત, ગુજરાત-395004. સહ-ઋણ લેનારાઓઃ 1.શ્રીમતી હંસાબેન ત્રિકમભાઈ, W/o. શ્રી ત્રિકમભાઈ મુલજીભાઈ પીપળીયા, નંબર-103, 1st માળ, સ્ટાર ગાર્ડન, છાપરાભાઠા રોડ, વરીયાવગામ, સુરત, ગુજરાત-395004. 2.શ્રી મહેશભાઈ ત્રિકમભાઈ પીપળીયા, S/o. શ્રી ત્રિકમભાઈ મુલજીભાઈ પીપળીયા, પ્લોટ નં-103, M- બિલ્ડીંગ, 4થો માળ, શ્રી રાધિકા રેસીડેન્સી સ્ટાર ગાર્ડન, છાપરાભાઠા રોડ, સુરત - 395004. આ ઉપરાંત, મુકેશ ડાયમંડ સિટી સેક. નંબર 4639થી 4641, મોહન વાડી, ફાયર સ્ટેશન સામે, બી/એસ ધોળકિયા ગાર્ડન, કતારગામ, સુરત-395004. બાંયધરી આપનારઃ શ્રી તરસરીયા સંજયકુમાર કલ્યાણભાઈ, S/o. કલ્યાણભાઈ પ્રાગજીભાઈ તરસરિયા, પ્લોટ નં. ૯૦, શિવ નગર સોસાયટી, કતારગામ, સિંગમપોર રોડ, સુરત - ૩૯૫૦૦૪, આ ઉપરાંત, રજવાડી કાઠિયાવાડી રેસ્ટોરન્ટ એક્સિટો મોલ સામે, શ્રી રાજ મારબીલ, જહાંગીરપુરા ટ્રી રોડ, ઓલપાડ રોડ, જહાંગીરપુરા; ડિમાન્ડ નોટિસ તારીખઃ ૨૭.૧૧.૨૦૨૪; ડિમાન્ડ નોટિસ મુજબ દાવો કરાયેલ રકમ (લોન એકાઉન્ટ નં. ૨૦૧૧૮૭૦૦૦૧033) રૂ.૨૨,૨૩,૩૮૨/- ૨૧.૧૧.૨૦૨૪થી વધુ વ્યાજ સાથે અને તેના પરના અન્ય ખર્ચ સાથે; બાકી રકમઃ રૂ.૨૩,૧૮,૫૭૧/- ૨૮.૦૩.૨૦૨૫થી વધુ વ્યાજ સાથે અને તેના પરના અન્ય ખર્ચ સાથે. મિલકતનું વર્ણનઃ સ્ટાર ગાર્ડન તરીકે ઓળખાતા કેમ્પસમાં પ્રથમ માળના મકાન નં. એમ પર મંજૂર યોજના મુજબ ફ્લેટ નં. ૧૦૩ ધરાવતા ૬૦.૫૫ ચોરસ મીટરના બિલ્ટ-અપ વિસ્તાર ધરાવતા મિલકતના તમામ હકો, માલિકી અને હિત, સર્વે નં. ૧૩૪૧, ૧૩૪૫, બ્લોક નં. ૧૨૭૬, ૧૨૭૯ની બિન-ખેતી જમીન પર બાંધવામાં આવ્યા છે. આ જમીનમાં ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૩૬ (વરિયાવ), ઓરિજિનલ પ્લોટ નં. ૨૯, ૩૧, ફાઇનલ પ્લોટ નં. ૩૦, ૩૨ ગામ વરિયાવ, સબ ડિસ્ટ્રિક્ટ- અડાજણ, જિલ્લો- સુરત ખાતે છે. આ મિલકતમાં મકાનની નીચેની જમીનમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સો અને તેના પરના તમામ આંતરિક અને બાહ્ય અધિકારો છે. સ્ટાર ગાર્ડનનો ફ્લેટ નં. ૧૦૩ ઉત્તર તરફઃ રોડ, દક્ષિણ તરફ : ફ્લેટ નં. એમ-૧૦૪, પૂર્વ તરફ સી.ઓ.પી-૩. પશ્ચિમ તરફઃ ફ્લેટ નં. એમ-૧૦૨ દ્વારા ઘેરાયેલો છે. ફ્લેટ નં. ૧૦૩, પહેલો માળ, એમ બિલ્ડિંગ, સ્ટાર ગાર્ડન, ગામ વરિયાવ, સબ ડિસ્ટ્રિક્ટ અડાજણ, જિલ્લો સુરત.

તારીખઃ ૨૯.૦૩.૨૦૨૫ — અધિકૃત અધિકારી, રેપ્કો હોમ ફાઇનાન્સ લિ.



ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ

**ટચૂકડી**

મંગળવાર, શુક્રવાર, રવિવાર

હવે શબ્દ દીઠ ₹૯ +(GST)

ઓછામાં ઓછા ૧૨ શબ્દો

: જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વેચાણથી આપવાની છે**

પ્રિમીયમ કોર્પોરેટ બિલ્ડીંગમાં ઓફિસ

પાર્લે પોઈન્ટ

No GST Ready Possession

Dhaval Cyclewala 9898024032

**વ્યવસાયીક ધંધાકીય**

**હિંચકાના કડાંવાલા**

કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ Mobile: 9099663638

**રેમન્ડ મેરેજશુટ**

માત્ર રૂ 4600/- કાપડ સિલાઈ સાથે, આલીશાન, હરિપુરા, ભવાનીવડ, સુરત.

**CM PEST CONTROL**

લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**

35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

(સાગર) 9427113317

એરકન્ડિશન સ્લીપિંગમાં, ગોવા, મહાબળેશ્વર, એપ્રિલમાં ઓમકારેશ્વર, મહાકાલેશ્વર, શનિ રવી સેલવાસ, ખાનવેલ, દમણ

**ઓમસાંઈ ટ્રાવેલ્સ**

(વૈષ્ણોદેવી સાથે કાશ્મીર 20-04) (અષ્ટવિનાયક, પાંચ જ્યોતિર્લિંગ 21-04) (નેપાળ, જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગાર, બૈજનાથ અને અન્ય સ્થળો 08-05) 7878674257

**ઓમસાંઈ ટ્રાવેલ્સ**

કેરાલા, દક્ષિણ ભારત સાથે 7 જ્યોતિર્લિંગ 11-04, AC સ્લીપર બસ. 7878674257

**મિલ્કત વેચવાની છે**

**વેચાણથી આપવાની છે**

આનંદ મહેલ રોડ અડાજણ દુકાન (ઓફિસ) ફુલ ફર્નિચર સાથે લોકેશન એરિયા જય કોર્પોરેશન પહેલો માળ કોન્ટેક્ટ નંબર 9998149978 9099889744

**મક્કાઈ પુલ, અડાજણ**

377 વારનો પ્લોટ વેચવાનો. દલાલ માફ. 9601662923

**નોકરી વિષયક**

**જોઈએ છે**

હીરાની જાણીતી કંપની માટે, Data Analysing, Accountant. Contact-Mobile: 09327380159

**મિલ્કત ભાડે -વેચાણ**

**ઓફિસ વેચાણથી**

તેમજ ભાડેથી આપવાની છે. જલનિધિ કોમ્પ્લેક્ષ, બહુમાળી બિલ્ડીંગની સામે, નાનપુરા, સુરત ૩૯૫૦૦૧. મળોઃ વિનોદભાઈ મો. નં- ૯૮૨૫૧૧૮૭૦૭

**મિલ્કત લે-વેચ**

**રુંગટા ઇન્ડસ્ટ્રીયલ**

ભાટિયા ટોલનાકા પાસે અને બીજા કોઈપણ એરિયામાં ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ લેવા વેચવા માટે સંપર્ક કરો. બજરંગ અગ્રવાલ 9374046612

**હોજીવાલામાં પ્લોટ**

લેવા/ વેચવા તથા ભાડેથી આપવાનાં છે, (સિદ્ધાર્થ શાહ):- 9998227450, (સતીશ શાહ):- 9825127450, 9898027450

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828

ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.